# <u>વિશ્વ માતૃભાષા દિવસ</u>

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત તા.21/02/2023 નાં રોજ "વિશ્વ માતૃભાષા દિવસ" નિમિત્તે એક્ષટેન્શન એક્ટીવીટી સેલ અને સ્કુલ ઓફ હ્યુમીનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ દ્વારા ગૌતમ હોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સદર કાર્યક્રમનો આયોજન માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.સદર કાર્યક્રમની પૂર્વે એક કાર્યશાળાનો આયોજન કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતીના વિભાધ્યાક્ષ પ્રો.(ડૉ.) યોગેન્દ્ર પારેખ દ્વારા લેખનશૈલી કઈ રીતે કરવી તેનું સચોટ જ્ઞાન તેમના દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યારબાદ કાર્યશાળામાં હાજર રહેલ તમામે પોતાના મનગમતા વિષય પર તેમજ યાદગાર પ્રસંગ વિશે સચોટ લેખનશૈલીમાં લેખનકાર્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ગૌતમ હોલ ખાતે યુનિવર્સિટીના તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટી પરંપરાગત દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટી ગીતગાનથી કરવામાં આવી હતી. ત્યારબાદ સદર કાર્યક્રમના સંચાલક ડૉ. સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર- ઈતિહાસ) દ્વારા આવનાર તમામ સભ્યોને આવકારવામાં આવ્યાં હતાં. ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજી દ્વારા સ્વરચિત કાવ્યના પઠન દ્વારા કરવામાં આવી હતી.ત્યારબાદ સૌ અધ્યાપકશ્રીઓ અને કર્મચારીઓ દ્વારા અલગ અલગ માતૃભાષામાં પોતાના વક્તવ્ય, કાવ્યો અને સારા પ્રસંગોનું વર્ણન પોતાની માતૃભાષામાં કરવામાં આવી હતી. દરેકે પોતાની માતૃભાષામાં વર્ણન કરી વાતાવરણ આહલાદક બનાવ્યું હતું. અંતે કાર્યશાળામાં હાજર રહેલ તમામ લોકોએ પોતાની સ્વ અનુભૂતિ દર્શાવી હતી. સૌએ ખૂબ આનંદપૂર્વક સાથ સહકાર આપી આ કાર્યક્રમને વધાવ્યો હતો. કાર્યક્રમના અંતે સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.







Open University
વિશ્વ માતૃભાષા દિવસ




















